





મૂલ્યો અને જવાબદારીથી છટકી બેઠા છે,
આભમાં રહ્યા ન ધરતીના, લટકી બેઠા છે
ફટકી બેઠા છે, વટકી બેઠા સાથીદારોથી -
શ્રીની, અધ્યક્ષની ખૂરશીમાં ચીટકી બેઠા છે




સળગે અહીં -
ક્રૂરતા કેરોસીને -
આ માનવતા!
(મૂળી ની ઘટના)

છું આજ્ઞાંકિત
- કે, એમ તો કરું છું!?
ડાહ્યો રોબોટ..
(કોઇ મતભેદ નથી..)

## ચિંતન

**અભ્યુદ્ધતા વસુમતી દલિતં રિપુરઃ કોડીકૃતા બલવતા બલિ રાજલક્ષ્મીઃ।**
**એકત્ર જન્મનિ કૃતં યદનેન રાજ્ઞા જન્મત્રયે તદ્દકરો ત્પુરૂષઃ પુરાણ ॥**

'ભગવાન વિષ્ણુએ વરાહ અવતાર લઇ પૃથ્વીનો ઉદ્ધાર કર્યો, ભગવાને નૃસિંહ અવતાર લઇ શત્રુ હિરણ્ય કશ્યપ રાજાની છાતી ભેદી નાખી અને વામન અવતાર લઇ બલિ - રાજાની સર્વ સંમતિ હરી લીધી અને તેને પાતાળ ભેગો કરી નાખ્યો - આ રીતે પુરાણ પુરૂષ ભગવાન વિષ્ણુ જે કાર્યો કરવા માટે ત્રણ-ત્રણ અવતાર લીધા, તે ત્રણેય કાર્યો, આજના રાજાઓ (મુખ્યમંત્રીઓ) એક જ જન્મમાં કરી નાખે છે. અર્થાત્ આ જન્મમાં જ પૃથ્વીનો ઉદ્ધાર કરી નાખે છે, શત્રુઓની છાતી ભેદી નાખી મૃત્યુને શરણ કરી નાખે છે અને બલિ - બળવાન રાજાઓ (દુશ્મનો)ની લક્ષ્મીને જપ્ત કરી લઇ પડાવી લે છે.'

આમ તો આ શ્લોક સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ - 'રાજ-પ્રશંસા'માંથી લેવામાં આવ્યો છે. અને, વીર રાજપુરૂષની હકારાત્મક પ્રશંસા જ છે પરંતુ આપણે આજના 'રાજાઓ'ના સંદર્ભમાં આ શ્લોકમાંથી આજના વાતાવરણ પ્રમાણે પણ યથા યોગ્ય અને વાસ્તવિક અર્થ મળી રહે છે. ભગવાન વિષ્ણુને જે કાર્ય કરવા માટે ત્રણ-ત્રણ અવતાર લેવા પડે તે આ રાજાઓ એક જ અવતારમાં કરી શકે છે.

## સુવિચાર

- જેના ગુસ્સાથી ભય લાગે કે જેની સાથે મૈત્રી રાખવાથી શંકા ઉત્પન્ન થાય તેની મૈત્રી રખાય જ નહીં - **વિદુરજી**
- આળસુ કદી સુખી થઇ શકતો નથી, ઉંઘણશી ને કદી વિદ્યા પ્રાપ્ત થતી નથી, મમત્વ ધરાવનાર કદી વૈરાગી ન થઇ શકે, હિંસક કદી દયાળુ ન હોય - **મહાવીર સ્વામી**
- જગતમાં ક્ષમા જેવું કોઇ તપ નથી, ધૈર્ય જેવી કોઇ પ્રાર્થના નથી - **ભગવાન બુદ્ધ**
- ભણતર માટે પ્રેમ રાખવો એ ડહાપણની નિશાની છે, ભણતર થકી આવેલા ગુણધર્મો આચરણમાં મૂકવા એ ચારિત્ર્યની નિશાની છે, પોતાનાથી કોઇનું કંઇ ખોટું ન થઇ એવી જાગૃતિ રાખવી અને કંઇ શરમજનક ન થઇ જાય એવી સજાગતા કેળવવી એ ધીરજની નિશાની છે - **કોન્ફ્યુશિયસ**
- પ્રાર્થના કરો તો જગતના કલ્યાણ માટે જ કરો - **સોક્રેટિસ**
- જેના હૃદયમાં સંગીત ગૂંજે છે તેનું જીવન સદાય પ્રસન્નતામાં જ રહે છે - **પ્લેટો**

## બોધ કથા

આજકાલ મંદિરોમાં દર્શન માટે ભીડ-પડાપડી ઉપરાંત દર્શન માટેની ફી - પાછલા બારણાનો, વીઆઇપી સવલતનો એવા કેટલાય રસ્તા અજમાવી માણસો 'દર્શન'નો 'લાભ' લઇ લેતા હોય છે અને 'ઇશ્વર કૃપા' પામી 'આનંદ' મેળવી લે છે. સાથે બૂટ-ચંપલની ચિંતા ન રહે એટલે પ્લાસ્ટીકની કોથળીમાં એને પણ પવિત્ર વાતાવરણનો લાભ આપે. ઉત્કટ દર્શનની જેને ઇચ્છા હોય એને કોઇ જ મુશ્કેલી-તકલીફ નડતી નથી.

જગન્નાથજીનું મંદિર સાયં આરતીના શંખ અને ઘંટનાદથી મંદિર ગુંજી રહ્યું હતું. પગ મૂકવાની જગ્યા નહીં - સ્વામી ચૈતન્ય મહાપ્રભુજી પણ શિષ્ય મંડળ સાથે મંદિરમાં ગરુડસ્થંભ ના ટેકે આરતી દર્શન માટે ઊભા હતા.

ઓરિસ્સાની એક ગરીબ વિધવા ખૂબ ઊંચી-નીચી થતી હતી પણ જગન્નાથજીની મૂર્તિઓનાં દર્શન થતાં ન જ હતા. આખરે હિંમત કરી ગરૂડસ્થંભ પર એક પગ ટેકવી અને બીજો પગ બાજુમાં જ ઉભેલા ચૈતન્ય મહાપ્રભુજીના ખભા પર મૂકી દીધો - પેટભરી મનભરી દર્શન કર્યા. ત્યાં ચૈતન્ય પ્રભુના શિષ્યોનું ધ્યાન ગયું રોષે ભરાયા અને બાઇને ઠપકો આપ્યો - જો ખરી તેં કોના ખભે પગ મૂક્યો છે?

પ્રભુ બોલ્યા - તમે એના પર ગુસ્સે ન થાવ, દર્શનનો તલસાટ ભગવાને જેવો એને આપ્યો છે એવો જો મને મળ્યો હોત! મારે તો એના ચરણોમાં પડી વંદન કરવાં છે ધન્ય છે એનો ઉત્કટ ભક્તિભાવ!

E-mail : sureshchandrabhatt18@gmail.com

# ...એ સમયે દરેક જણ મારી ચિંતા કરતું હતું, પછી મને અહેસાસ થયો કે મારે મારા જીવનમાં કશુંક કરવું જોઈએ, જેથી લોકો મને દયાની નજરે જોતા બંધ થાય

## હું રસ્તે રઝળતી વારતા

- અયના પટેલ

વીજળી ગુલ થઈ ગઈ હોય અથવા લિફ્ટ બંધ હોય તો મોટા ભાગના લોકોને ચોથા કે પાંચમા માળે આવેલા તેમના ફ્લેટમાં જવા માટે પગથિયાં ચડવાનો વારો આવે ત્યારે તેઓને કંટાળો આવે છે અથવા પોતાના ફ્લેટ સુધી પહોંચતા તો થાકી જાય છે. પંદરથી વીસ મીટર ઊંચે ચડતા થાકી જતાં લોકો દરિયાની સપાટીથી ૮૮૪૮ મીટર ઊંચે આવેલા વિશ્વના સૌથી ઊંચા શિખર માઉન્ટ એવરેસ્ટ પર જવાની કલ્પના પણ ન કરે તે સ્વાભાવિક છે. જો તેઓને કહેવામાં આવે કે જેનો એક પગ કાપી નાખવામાં આવ્યો છે તે ૨૬ વર્ષની યુવતીએ એવરેસ્ટ સર કર્યો છે તો તેઓને આશ્ચર્ય થશે. આવી ખરેખર આશ્ચર્યજનક ઘટના ગત સપ્તાહે બની હતી. ભારતની અરુણિમા સિંહા એક પગ કાપી નાખવામાં આવ્યો હોવા છતાં માઉન્ટ એવરેસ્ટ પર પહોંચનાર ભારતની પ્રથમ મહિલા બની છે.

અરુણિમા સિંહાની આ સિદ્ધિ માત્ર મહિલાઓ જ નહીં, પરંતુ કોઈપણ વ્યક્તિને પ્રેરણા આપે તેવી છે. તેણે સાબિત કર્યું છે કે વ્યક્તિ શારીરિક રીતે ભલે વિકલાંગ હોય, પરંતુ જો તે દૃઢ નિશ્ચય કરે અને સખત મહેનત કરે તો અન્ય સામાન્ય માણસો પણ ન મેળવી શકે તેવી સિદ્ધિ તે મેળવી શકે છે.

આજથી લગભગ બે વર્ષ પહેલાં, એપ્રિલ ૨૦૧૧માં અરુણિમા પદ્માવતી એક્સપ્રેસમાં લખનૌથી દિલ્હી જઈ રહી હતી. એ વખતે કેટલાંક લુંટારાઓ તેના ડબ્બામાં ઘૂસ્યા હતા અને તેની પાસેથી તેનું પર્સ અને સોનાની ચેઈન ખૂંચવવાનો પ્રયત્ન કર્યો હતો. વૉલીબોલની રાષ્ટ્રીય સ્તરની ખેલાડી એવી અરુણિમાએ તેઓનો પ્રતિકાર કરતા તેઓએ તેને ચાલુ ટ્રેને ડબ્બામાંથી બહાર ફેંકી દીધી હતી અને આ ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલી અરુણિમાનો જીવ બચાવવા માટે ડોક્ટરોને તેનો ઘૂંટણની નીચેનો ડાબો પગ કાપી નાખવો પડ્યો હતો.

આ રીતે એક પગ ગુમાવનાર વ્યક્તિ જિંદગીથી નાસીપાસ થઈ જાય તે સ્વાભાવિક છે, પરંતુ અરુણિમા સામાન્ય વ્યક્તિ નહોતી, તે એક એથ્લીટ હતી. તેને દિલ્હીની વિખ્યાત ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટયુટ ઓફ મેડિકલ સાયન્સીસ (એમ્સ)માં દાખલ કરવામાં આવી હતી. અરુણિમા કહે છે, 'એ સમયે દરેક જણ મારી ચિંતા કરતું હતું. પછી મને અહેસાસ થયો કે મારે મારા જીવનમાં કશુંક કરવું જોઈએ. જેથી લોકો મને દયાની નજરે જોતા બંધ થાય.' અરુણિમા એમ્સમાં સારવાર લઈ રહી હતી ત્યારે જ તેણે માઉન્ટ એવરેસ્ટ પર પહોંચવાનો નિર્ણય લીધો હતો. એમ્સના ડિપાર્ટમેન્ટ ઓફ સર્જિકલ ડિસિપ્લીન્સના વડા પ્રોફેસર એમ.સી. મિશ્રા કહે છે કે, તે હોસ્પિટલમાં સાજી થઈ રહી હતી ત્યારે તેને ખાતરી હતી કે તે આળસુની જેમ બેસી નહીં રહે અને હોસ્પિટલમાંથી રજા મળ્યાના બે વર્ષથી ઓછા સમયમાં તે ઘણી મોટી ઊંચાઈએ પહોંચી છે.



માઉન્ટ એવરેસ્ટ પર પહોંચવું આસાન નથી. તેના માટે આકરી તાલીમ લેવી પડે છે. અરુણિમાએ સાહસ શરૂ કરતા પહેલા બચેન્દ્રી પાલ પાસે તાલીમ લીધી હતી. ૧૯૮૪માં માઉન્ટ એવરેસ્ટ સર કરીને આ સિદ્ધિ મેળવનાર પ્રથમ ભારતીય મહિલા બચેન્દ્રી પાલ કહે છે 'દોઢ વર્ષ પહેલાં અરુણિમાએ મને ફોન કર્યો હતો અને એવરેસ્ટ ચઢવાની તેની ઈચ્છા વ્યકત કરી હતી. હું માની જ નહોતી શકતી કે તે એક પગે આ કરવા માગતી હતી.'

બચેન્દ્રીએ અરુણિમાને એક વર્ષ તાલીમ આપી હતી. ૧ એપ્રિલના રોજ અરુણિમાએ ઝારખંડની પર્વતારોહક સુસાન માહતો સાથે એવરેસ્ટની તેની યાત્રા શરૂ કરી હતી અને ૨૧ મેના રોજ તે ૮૮૪૮ મીટરની ઊંચાઈએ આવેલા માઉન્ટ એવરેસ્ટ પર પહોંચવામાં સફળ બની હતી. ૨૬ વર્ષની અરુણિમા એક કૃત્રિમ પગ સાથે એવરેસ્ટ સર કરનાર પ્રથમ ભારતીય મહિલા બની છે. ઓકટોબર ૨૦૧૧માં ૬૧ વર્ષીય અમેરિકન મહિસા રહોન્ડા ગ્રેહામે કૃત્રિમ ડાબા પગે એવરેસ્ટ સર કર્યો હતો. તો ઈંગ્લેન્ડના ટોમ વ્હીટેકર મે, ૧૯૯૮માં કૃત્રિમ પગે એવરેસ્ટ ચડનાર પ્રથમ માનવ હતાં.

તંદુરસ્ત શરીર ધરાવતી વ્યક્તિને પણ એવરેસ્ટ સુધી પહોંચતા ઘણી મુશ્કેલીઓ પડે છે એટલે કૃત્રિમ પગ ધરાવતી વ્યકિત જયારે એવરેસ્ટ પર સફળતાપૂર્વક પહોંચે તે વિશેષ ધન્યવાદને પાત્ર બને છે. અરુણિમાના ભાઈનું કહેવું છે કે તેના પરિવારને અરુણિમા પર ગર્વ છે તે કહે છે, અમે માત્ર આજ દિવસ જોવાની આશા રાખતા હતા અનેઅરુણિમાએ અમારા સ્વપ્નોને સાકાર કર્યા છે.

તાજેતરના દિવસોમાં અરુણિમાની જેમ ઘણી સ્ત્રીઓએ માઉન્ટ એવરેસ્ટને સર કરવાની વિશિષ્ટ સિદ્ધિ મેળવી છે. દહેરાદૂનની બે ૨૧ વર્ષીય જોડિયા બહેનો તાશી અને નેન્શી મલિક વિશ્વના સૌથી ઊંચા શિખળ પર પહોંચવાર પ્રથમ ટ્વીન્સ બની છે. તો મહિલા પર્વતારોહક ચંદા ગાયેન માઉન્ટ એવરેસ્ટ કરનાર પ્રથમ પશ્ચિમ બંગાળની ત્રીજી મહિલા બની હતી. તેના પહેલા ૧૯૯૪માં દાર્જિલિંગની કુંગા ભૂતિયા અને ૨૦૦૪માં મુર્શીદાબાદની નિવૃત્ત સિપ્રા મજમુદારે આ સિદ્ધિ મેળવી હતી.

માત્ર ભારત જ નહીં, અન્ય દેશોની સ્ત્રીઓએ પણ આ વર્ષ માઉન્ટ એવરેસ્ટ ચઢવાની અનોખી સિદ્ધિ મેળવી છે. ભારતની તાશી અને નેન્શી મલિકની સાથે પાકિસ્તાનની ૨૨ વર્ષીય સમિના બેગ પણ હતી. સમિના એવરેસ્ટ પર ચડનાર પ્રથમ પાકિસ્તાની સ્ત્રી છે. સમિના કહે છે. અમારૂં મિશન સાહસિક રમતો દ્વારા સ્ત્રીઓનું સશક્તિકરણ હતું અને પછી અમે ભારતીયોને મળ્યા અને અમારો કાર્યક્રમ અથવા મિશન ભારત-પાકિસ્તાન જાતિ સમાનતાનું બન્યું. સમિના અને મલિક બહેનોએ શિખર પર પહોંચ્યા પછી આજુબાજુમાં અનુક્રમે પાકિસ્તાન અને ભારતના ધ્વજ રોપ્યા હતા. જેને બંને દેશોના માધ્યમોએ શાંતિનો સંદેશ ગણાવ્યો હતો.

સ્ત્રીઓએ આ વર્ષ અંગત સિદ્ધિથી માંડીને સખાવતી કાર્યો જેવા વિવિધ ઉદ્દેશો માટે મોટી સંખ્યામાં માઉન્ટ એવરેસ્ટ પર પહોંચવાનું સાહસ કર્યું હતું અને તેમાં સફળતા મેળવી હતી. આમાં જેહાદમાં ગ્રાફિક ડિઝાઈનર તરીકે કામ કરતી ૨૫ વર્ષીય રહા હસન મોહરાકનો સમાવેશ થાય છે જે એવરેસ્ટ પર પહોંચનાર સાઉદી અરેબિયાની પ્રથમ સ્ત્રી અને સૌથી નાની વયની વ્યક્તિ બની છે. તે નેપાળમાં શિક્ષણ માટે ૧ મિલિયન ડોલરનું ભંડોળ ઊભું કરવા માગતી હતી. 'રીચ આઉટ ટુ એશિયા' નામના અભિયાનની ટીમની એક સભ્ય હતી. રહા કહે છે, મારા માટે આ અંગત પડકાર હતો સૌથી પહેલું અને સૌથી નાનું હોવું મારા માટે બોનસ હતું. આનાથી લોકોની સાઉદી લોકો માટે ખાસ તો સાઉદી મહિલાઓ માટેની માન્યતાઓ તથા સાઉદી સ્ત્રીઓની પોતાની વિશેની માન્યતા બદલાશે તેવી મને આશા છે. મારા માટે આ મહિલાઓના અધિકારો વિશેની બાબત કયારેય નહોતી. હું ઈચ્છું છુ કે સ્ત્રીઓ પોતાની જાતને પડકારે, તેમની પાસે જ અપેક્ષા રખાય છે તેનાથી પણ તેઓ આગળ વધે.

રહા સાત ખંડોના સાતેય સૌથી ઊંચા પર્વતો પર જવાનું ધ્યેય ધરાવે છે. તેનું કહેવું છે કે તે અત્યાર સુધીમાં પાંચ શિખરો પર જઈ આવી છે. રહાને પગલે અન્ય સાઉદી સ્ત્રીનો પણ માઉન્ટ એવરેસ્ટ પર જવાનું સ્વપ્ન જુએ અને તેને સાકાર કરે તો નવાઈ નહીં. ૧૯૫૩માં ન્યૂઝીલેન્ડ સર એડમંડ હિલેરી માઉન્ટ એવરેસ્ટની ટોચ પર પહોંચનાર પ્રથમ માનવ બન્યા તેની અત્યારે ૫૦ મી જયંતિ ઉજવાઈ રહી છે. હિલેરી બાદ છેલ્લા ૫૦ વર્ષોમાં ૩૬૦૦થી વધુ પર્વતારોહકો વિશ્વના સૌથી ઊંચા શિખર પર પહોંચ્યા છે અને તેમાં ૩૩૫ મહિલાઓનો સમાવેશ થાય છે. આગામી વર્ષોમાં એવરેસ્ટ સર કરનાર સ્ત્રીઓની સંખ્યા વધતી જ રહે તો કોઈને આશ્ચર્ય નહીં થાય. જે કામ પુરુષો કરી શકે છે તે સ્ત્રીઓ પણ કરી શકે છે તે હવે સાબિત કરવાની જરૂર જણાતી નથી.

# હેરી પત્ર વાંચી સ્તબ્ધ થઈ ગયો, હૈયું ભરાઈ જતાં એ પોકે પોકે રડવા લાગ્યો, એ આંસુ લૂછવા આજ પાસે કોઈ નહોતું માત્ર યાદ હતી, કેલીનાં સાહચર્યની, ખાટીમીઠી યાદોની અને વાદવિવાદની સીલસીલાની

## ઝંઝાવાત સં-વેદના

- જય ગજ્જર

પતિ-પત્નીના રોજરોજનાં કંકાસથી ત્રાસી છુટકારો મેળવવા કેલી અધીરી બનતી જતી. ચાળીસ વર્ષનાં લગ્નજીવન પછી વૃદ્ધાશ્રમને આરે પહોંચેલા હેરીના પડખેથી એને ખબર પણ ન પડે એ રીતે સરકી ગઇ. સવારે ઊઠીને હેરી ડાઇનિંગ ટેબર પર બ્રેકફાસ્ટ માટે નીચે આવ્યો ત્યારે ટેબલ પર ન દેખાયો બ્રેકફાસ્ટ અને કિચનમાં ન દેખાઇ કેલી. હેરીને જરા આશ્ચર્ય થયું.

'મારી બર્થડે યાદ આવતાં કદાચ મને સરપ્રાઇઝ કરવા કોઇ ગિફ્ટ લેવા ગઇ હશે.' એમ વિચારી ખુરશી પર બેસી આજનું પેપર વાંચવા લાગ્યો. એક બે, ત્રણ કલાક વીતી ગયા કેલીનાં કંઇ એંધાણ ન દેખાતાં એ કિચનમાં ગયો. સ્ટવ પર દૂધની તપેલી પાસે એક કાગળ જોયો.

ઝડપથી એ પત્રણ લઇ એ વાંચવા લાગ્યો.

ડિયર ડાર્લિંગ હેપી બર્થ ડે. આ મારા અંતિમ શુભાશિષ સ્વીકારી લેજે. આજ પછી હું કદી તારી સામે વાદવિવાદમાં ઊતરવા નહિ આવું. ચાળીસ વર્ષનાં આપણા વાદવિવાદથી હું ખૂબ ત્રાસી ગઇ છું. આજે પહેલાં મેં તને હજારો વાર ઉશ્કેરાઇ ધમકી આપેલી કે તારો સાથ અને તારૂં ઘર છોડી એક દિવસ હું ચાલી જઇશ. પણ મારા વિના તારી શી દશા થશે એ વિચારે હું કોઇ પગલું ભરતાં અચકાતી હતી. પણ જે ગાલ 'સોરી' કહી ચુંબનોથી ભીજવી દેતો એ ગાલ પર ગુસ્સે થઇ, તમાચો મારી લાલ કરી, પૂંઠ ફેરવી એક શબ્દ બોલ્યા વિના તૂં સૂઇ ગયો. હું આખી રાત આપણા સહજીવનના નાના મોટા પ્રસંગો વાગોળતી આંસુ સારતી રહી અને હજારો વાર ઉચ્ચારેલા શબ્દો 'તારો સાથ અને તારૂં ઘર છોડી ચાલી જઇશ.' આજ અમલમાં મૂકું છું. બાય નાઉ... જીવ્યા - મર્યાના ઝાઝા જુહાર!

હેરી પત્ર વાંચી સ્તબ્ધ થઇ ગયો. હૈયું ભરાઇ જતાં એ પોકે પોકે રડવા લાગ્યો. એ આંસુ લૂછવા આજ પાસે કોઇ નહોતું માત્ર યાદ હતી. કેલીનાં સાહચર્યની, ખાટીમીઠી યાદોની અને વાદવિવાદની સીલસીલાની.

ચાળીસ વર્ષ પહેલાં એકવીસ વર્ષની ઉંમરે કેલી સાથે કોલેજમાં પરિચય ગાઢ બનતાં પ્રેમલગ્ન કર્યા હતા. લગ્ન પહેલાં એનો પડયો બોલ ઝીલી પ્રેમવર્ષા ઠાલવતો. પાંચ વર્ષ એ ક્રમમાં ભરતી આવતી રહી. પણ શાંત બનેલ સાગર ઘુઘવાટ કરે એમ એનો તુખામી સ્વભાવ એકાએક જવાળામુખી જેમ ભભૂકી ઊઠવા લાગ્યો. પરસ્પર વાદવિવાદ શરૂ થવા લાગ્યા. એ બધી વાતો આંખ સામે રમી રહી.

'કેલી મને રીંગણનું શાક નથી ભાવતું! તેં કેમ ફરી પાછું આ શાક બનાવ્યું?'

'મને એ બહુ ભાવે છે. એમાંથી આર્યન મળે છે!'

હેરી એ શાકને અડતો પણ નહિ અને પ્લેટમાં રહેવા દઇ ઊભો થઇ ઉશ્કેરાટ ઠાલવતો.

કેલીને સિનેમામાં બહુ રસ. રવિવાર આવતાં એ કહે, 'ચાલ આજ તો મૂવી જોવા જઇએ.'

'મારે ઘણાં કામ પૂરાં કરવાનાં છે.' હેરી વાત ટાળતો. કેલી ઉશ્કેરાઇ જતી. હેરી એની સામે એલફેલ બોલવા લાગ્યો.

સંબંધી કે મિત્રના લગ્ન પ્રસંગે કાળો ડ્રેસ પહેલી તૈયાર થતી કેલીને કહેતો, 'શુભ પ્રસંગે કોઇને ત્યાં કાળો ડ્રેસ પહેરીને ના જવાય!'

'હવે તો આવા ડ્રેસની ફેશન છે. તને કયાં નવી ફેશન વિશે ગતાગમ છે! ખબર ન હોય તો ચૂપ રહે!'

હેરી ચૂપ થવાને બદલે ઊંચા સાદે ઉશ્કેરાટ ઠાલવતો.

સ્પીડમાં કાર ચલાવતી કેલીને સ્કૂલ ઝોન આવતાં હેરી કહે, 'હવે આગળ સ્પીડ પચાસ આવે છે!'

'ડ્રાઇવિંગ હું કરૂં છું. મને ખબર છે. મોઢું બંદ રાખી બેસી રહે.'

'તને ટિકીત ન મળે એટલે તારૂં ધ્યાન દોરૂં છું એમાં શું થઇ ગયું?'

'કાલથી તું કાર ચલાવજે.'

'સાચી વાત કહું તે ય તને ગમતું નથી. તારો સ્વભઆવ બદલાઇ કૂતરી જેવો થઇ ગયો છે!'

'મારો સ્વભાવ નથી બદલાયો. વાત વાતમાં હડકાયા કૂતરા જેમ કચકચ કરવાની તને ટેવ પડી ગઇ છે એ વાત કેમ નથી માનતો?'

અને પછી મહાભારત સર્જાતું. બે ત્રણ દિવસ અબોલા રહેતા. નાની નાની બાબતોમાં બે વચ્ચે વાદવિવાદ રોજનો ક્રમ થઈ ગયો હતો. પણ ઊંડો પ્રેમ ઘટતો નહોતો. સાંજ પડતાં સૂવા જતાં ત્યારે બંને બધું ભૂલી જતાં. અનોખા શય્યાસુખમાં પ્રેમનો સાગર ઊભરાતો... ઘર છે તો વાસણ ખખડે. પત્ની પર ઊભરો ન કાઢું તો બિચારો કયાં જાય! હું એની પત્ની છું ને! એ મારા ભલા માટે કંઈક કહેતો હશે ને! એવા વિચારો કેલીને આવે અને પરસ્પરના સ્વભાવથી ટેવાવા પ્રતિજ્ઞા લેતાં. **(ક્રમશઃ)**

## ॥ સુપ્રભાતમ્ ॥

ગઈ કાલે તા. ૨/૬ના 'હાઈકુ'માં છાપ ભૂલ હતી તેથી રસભંગ બદલ ક્ષમા યાચના. સુધારેલા પાઠ નીચે મુજબ વાંચવા વિ.

- તંત્રી શ્રી

**હતો તો ભક્ત**
**કૈલાશનાથન નો -**
**રાવણ પણ..**
**(છતાં અંત તો ખબર છે ને??)**

# પર્યાવરણ અંગેનાં વૈશ્વિક વિચારો સાથે ભારતીય પરંપરાને ઉજાગર કરતો અભ્યાસપૂર્ણ ગ્રંથ

## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

આજના યુગમાં પર્યાવરણની સમસ્યાઓ, વાહનો દ્વારા થતું પ્રદૂષણ, કારખાનાઓ દ્વારા ઓકવામાં આવતા ઝેરી વાયુઓ દ્વારા થતું પ્રદૂષણ, શહેરોમાં પ્રદૂષણની માત્રા અને તેનો વધવાનો દર, પ્રદૂષિત નદીઓ અને તેના જળમાં પ્રદૂષણની માત્રા વાળા પ્રદૂષિત પાણીનો ઉપયોગથી ઉભા થનાર જોખમ, ભૂગર્ભ જળનાં સ્ત્રોતમાં સતત થતો ઘટાડો, પાણીમાં ભયજનક ફ્લોરાઇડની માત્રા, 'ગ્રીન હાઉસ ઇફેક્ટ, જેવી અનેક પર્યાવરણ લક્ષી સમસ્યાઓથી આપણે ઘરાયેલા છીએ ત્યારે પર્યાવરણની જાળવણી અંગે લોકજાગૃતિ આવે તે માટે સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા નક્કી થયા મુજબ વૈશ્વિક પર્યાવરણ સુરક્ષાના મહાઉદ્દેશ સાથે ૫મી જૂનને વિશ્વ પર્યાવરણ દિન તરીકે દર વર્ષે ઉજવવામાં આવે છે. આજથી બરાબર બે દિવસ પછી ૫મી જૂન છે. ત્યારે પર્યાવરણ અંગેના વૈશ્વિક વિચારો સાથે ભારતીય પરંપરાનો પણ આપણે વિચાર કરવો જ રહ્યો.'

વર્તમાન સમયમાં પર્યાવરણનો ઇતિહાસ ૧૯મી સદીથી જોવા મળે છે. ઇ.સ. ૧૮૯૯માં પેટ્રીક ગોડસે ઇડનબર્ગે ઇંગ્લેન્ડમાં' નામની એક અનન્ય સંસ્થાની સ્થાપના કરી. રૂસોનાં 'પ્રકૃતિ તરફ પાછા ફરોનો' સિદ્ધાંત પર્યાવરણમાં સુધાર લાવવાનો હતો. જોન પાર્કિન માર્શે તેના પુસ્તકમાં એ બતાવવાનો પ્રયત્ન કર્યો કે માનવ જાતે કઇ રીતે પોતાના ક્રિયાઓ દ્વારા પ્રકૃતિને નષ્ટ કરવાનું કામ કર્યું છે. અમેરિકામાં ઢેલે વિશ્વવિદ્યાલયમાં ઇ.સ. ૧૯૬૫માં પહેલીવાર અમેરિકા દ્વારા પર્યાવરણ શિક્ષણને અભ્યાસક્રમમાં આવશ્યક અંગ તરીકે મુકવામાં આવ્યું.




આજે જયારે સમાજ અર્થકેન્દ્રી બની ચિંતનથી વિમુખ બનતો જાય છે. ત્યારે એ કલ્પના કરવા જેવી છે છે કે અપુરતાં સાધનોની મદદથી વિપુલ દાર્શનિક સાહિત્ય સર્જનારા ઋષિઓ કપિલમુનિ, પતંજલી, જૈમિનિ મુનિ, બાદરાયણ ભગવાન, ગૌતમ મુનિ, કણાદમુનિ, ભગવાન બુદ્ધ, મહાવીર સ્વામી અને ચાર્વાકમુનિ જેવા દર્શન પુરૂષોએ જે દાર્સનિક પરંપરા ઊભી કરી તેણે ભારતીય સમાજ, સંસ્કૃતિ, ધર્મ અને રાજકીય ક્ષેત્રે આગવી રીતે પોતાની છબિ ઉભી કરી જેણે સંસ્કારોમાંથી જ પર્યાવરણ સુરક્ષાનો, સંદેશો આપ્યો. ત્યારે પર્યાવરણ અંગેની વૈશ્વિક વિચારો અને ભારતીય પરંપરા 'અંગેના એક શોધનિબંધના ભાગરૂપે આલેખાયેલ ડો. રાકેસ આર. પટેલનાં આ પુસ્તકની વાત મારે તમને કરવી છે.'

પર્યાવરણ અંગેનાં વૈશ્વિક વિચારો અને ભારતીય પરંપરા પુસ્તકમાંથી પસાર થતાં આપણે જોઇ શકીએ છીએ કે લેખકે આ વિષયનો ખુબ વિસ્તૃત અને સુક્ષ્મતાથી અભ્યાસ કર્યો છે. જેમાં શરૂઆતમાં તેઓ આપણને પર્યાવરણની વાસ્તવિક સ્થિતિ અંગે ખ્યાલ આપે છે. તેમાં માનવ સંસ્કૃતિ, સામાજિક વ્યવસ્થાઓ, અને પર્યાવરણ ઉપરની અસરો જેમાં શિકાર અને સંગ્રહણ સમાજ, કૃષક સમાજ, શહેરોનો આર્વિભાવ, ઔદ્યોગિક સમાજ તેમજ વસ્તી વિસ્ફોટની પર્યાવરણીય અસરો જેવા મુદ્દાઓ લઇ લેખકે ચર્ચા કરી છે. જેમાં આંકડાકીય માહિતી સાથે આધારભૂત રજૂઆત મળે છે. તેમજ વેદોમાં પર્યાવરણીય તત્વોની અર્થસભર રજૂઆત અંગે અભ્યાસપૂર્ણ ચિંતન જોવા મળે છે. તે સાથે સાથે ચાર્વાક દર્શનમાં પર્યાવરણની વિભાવના, બૌદ્ધ દર્શનમાં પર્યાવરણની વિભાવના, જૈન દર્શનમાં પર્યાવરણ, વૈશેષિક દર્શનમાં પર્યાવરણ, ન્યાય દર્શનમાં પર્યાવરણ, પૂર્વ મીમાંસા દર્શનમાં પર્યાવરણ, સાંખ્ય દર્શનમાં પર્યાવરણ, યોગ દર્શનમાં પર્યાવરણ, વેદાન્ત દર્શનમાં પર્યાવરણ, ના ખ્યાતો અંગોને અભ્યાસ રજૂ કરવામાં આવ્યો છે. તે પછી જુદી જુદી મહાનુભાવોનાં જીવનમાં પ્રકૃતિ પ્રેમની વાત આવે છે. જેમાં મહંમદ સાહેબની પ્રાર્થના અને ઉપદેશ, વન્ગારિ (નોબેલ પ્રાઇઝ વિજેતા) તેમજ રવિન્દ્રનાથ ટાગોરની કવિતા અન ઉધ્ધડ જોશી જે ૧૨મી સદીમાં પ્રકૃતિ નિરીક્ષક હતા તેમાં પ્રકૃતિ પ્રેમની વાત પણ વણી લેવામાં આવી છે.

એજ રીતે પૌરાણિક અને ઐતિસિક પાત્રો અને ઘટનાઓમાં પણ પર્યાવરણનો ઉલ્લેખ મળે છે. જેમ કે ગંગાવતરણ અને કપિલ મુનિ, દસ વિશ્વદેવમાં કામદેવના પાંચ બાણ, ઉષાદેવી, અરણ્યદેવી, અરૂણ, અગ્નિ, કાલિદાસનાં શાંકુતલમાં પ્રકૃતિ, ધર્મની ઉત્પત્તિનાં પ્રકૃતિનું સ્થાન, પ્રાચીન યુગાની (ગ્રીક) દર્શન અને તેના પ્રકૃતિવાદી વિચારકો, બુદ્ધની કરૂણામાં પ્રકૃતિ જતનની ભાવના અને જૈનોનાં પર્યુષણ પર્વ, પર્યાવરણ શિક્ષણને આધુનિક સમયમાં અપાતું મહત્ત્વ, સ્ત્રી અને પર્યાવરણીય વિવાદ, પર્યાવરણીય નારીવાદ, ગાંધીજી અને પર્યાવરણીય આંદોલન, ગાંધીજીનું પર્યાવરણ અંગેનું નીતિશાસ્ત્ર, સંસ્કૃત સાહિત્યમાં પર્યાવરણનો સમન્વય, પર્યાવરણીય શિક્ષણને અન્ય વિષયો સાથે સહસંબંધ, પર્યાવરણ સંરક્ષણ અને સંસ્કૃતિ, એડોલ્ફ જુસ્ટનાં માતે "Return to Nature", પ્રાથમિક શિક્ષણના અભ્યાસક્રમમાં પર્યાવરણતાનું અગત્યનું સ્થાન, પર્યાવરણ વિષયના અભ્યાસક્રમનું ક્ષમતાલક્ષી સ્વરૂપ, ચોસઠ કલાસોમાં પ્રકૃતિ, ભારતમાં પર્યાવરણની સુદીર્ઘ પરંપરાની વિસ્તૃત ચર્ચા કરી છે. લેખખે જે સંદર્ભ ગ્રંથોનો ઉપયોગ કર્યો છે. તેવા અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત અને ગુજરાતી સંદર્ભ ગ્રંથોની સુચિ પણ આપી છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)